

# તબીબ અને પ્રેરક વક્તા

**સુરતના વી.આઇ.પી રોડ વેસુ ખાતે ૩૫૦ બેડની આધુનિક સુવિધાઓથી સજ્જ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ખોલવા જઇ રહ્યા છે**

## નિર્મલ ચોરારિયા

### નિર્મલ હોસ્પિટલ

**સુ**રતના ખુબ જ જાણીતા તબીબ છે. સુરતમાં જ નહીં પરંતુ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ડૉ. ચોરારિયા તેમના વ્યકિત્વ, સર્મપણ અને પોતાના વ્યવસાયમાં ઉચ્ચ સફળતા મેળવવા માટે જાણીતા છે.

ડૉ. નિર્મલ ચોરારિયાએ વર્ષ ૧૯૮૯ની સાલમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી ડૉ એચ.આર ગૌરના માર્ગદર્શન હેઠળ એમ.ડી. ની પદવી મેળવી. ત્યારબાદ ત્યાર બાદ તેઓ ૧૯૮૨ની સાલમાં સુરતની મહાવીર હોસ્પિટલમાં ફુલ ટાઇમ બાળરોગ નિષ્ણાંતનો ચાર્જ સંભાળ્યો. તેમને આટલાથી સંતોષ ન હતો. નિર્મલભાઇને તો પોતાની એક અલગ ઓળખ ઊભી કરવી હતી. આ માટે તેમણે વર્ષ ૧૯૮૩માં સુરતના રૂસ્તમપુરા ખાતે માત્ર નવ પલંગો સાથે પોતાની હોસ્પિટલ શરૂ કરી. આ નિર્મલ ચાઇલ્ડ હોસ્પિટલમાં તેમણે પોતાની પ્રાઇવેટ પ્રેક્ટિસ શરૂ કરી. ૧૯૮૯માં મહાવીર હોસ્પિટલ સાથે મળી પી.આઇ.સી.યુ ની શરૂઆત કરી. જે સુરતમાં જ નહીં સમગ્ર ગુજરાતમાં પ્રથમ સાહસ હતું.

દસ વર્ષના અનુભવ બાદ ડૉ. નિર્મલ ચોરાડિયાએ જુલાઇ ૧૯૯૨માં રીંગ રોડ ખાતે ચિલ્ડ્રન હોસ્પિટલ શરૂ કરી જે બાળરોગીઓ માટે તૃતિય સંભાળ કેન્દ્ર તરીકે કાર્યરત છે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આ હોસ્પિટલે બાળકોની યોગ્ય સંભાળ માટે જાણીતી છે. વર્ષ ૨૦૦૧માં આ હોસ્પિટલને મલ્ટી સુપર સ્પેશિયાલીસ્ટ જનરલ હોસ્પિટલમાં ફેરવી દેવામાં આવી. આ સિવાય ડૉ.નિર્મલ ચોરારિયાએ ૧૯૮૪માં મહાવીર હોસ્પિટલ સુરત ખાતે સંપુર્ણ નિયોલોજીકલ એકમ શરૂ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. વર્ષ ૧૯૮૯માં પશ્ચિમ ભારતમાં પ્રથમ ઇન્ટેન્સિવ કેર યુનિટ સ્થાપવામાં આવ્યું તથા ૧૯૯૪માં મહાવીર હોસ્પિટલમાં પ્રથમ વેન્ટિલેટર રજૂ કર્યો. ૧૯૯૪માં તેમણે પોતાના ખાનગી સાહસ દ્વારા પી.આઇ.સી.યુ. અને એન.આઇ.સી.યુ. સ્થાપી બાળરોગમાં અગાઉથી જ જટિલ સંભાળની રજૂઆત કરી હતી. ડૉ. ચોરારિયાએ ૨૦૦૪માં ગુજરાતમાં પ્રથમ ઉચ્ચ આવર્તન વેન્ટિલેટર રજૂ કરવાની સાથે નાઇટ્રીકનો પાયો નાંખ્યો હતો. ગુજરાતમાં ઓક્સાઇડ ઉપચારક ડૉ.નિર્મલ ચોરારિયા એડવાન્સેડ ક્રિટિકલ કેર ટ્રાન્સપોર્ટમાં વિશેષ રસ ધરાવે છે. ઇન્ડિયન એકેડમી ઓફ ઇન્ટેન્સિવ ક્રિટિકલ કેર પ્રકરણ દ્વારા પી.આઇ.સી.યુ. ની શરૂઆત કરવામાં આવી. ૨૦૦૪માં નિર્મલ હોસ્પિટલ સહિત પ્રથમ આછ કેન્દ્રો પી.આઇ.સી.યુ માટે પસંદ કરાયા. ત્યાર બાદ ૨૦૦૮માં આઇ.એ.પી. ફેલોશીપ માટે પણ જાણીતું થયું. જાન્યુઆરી ૨૦૦૯માં આ ફેલોશીપ શરૂ કરવામાં આવી. એન.એન.એફ. નિયોનેટોલોજી ફેલોશીપ ૨૦૧૩માં શરૂ કરવામાં આવી. ૧૨ એન.આઇ.સી.યુ ફેલો અને સાત પી.આઇ.સી.યું ફેલો સંસ્થામાંથી અત્યાર સુધી પસાર થયા છે. ડૉ.ચોરારિયાપી.આઇ.સી.યુ. અને એન.આઇ.સી.યુ. ફેલોશીપ પ્રોગ્રામનો સંયોજક છે. તથા નિર્મલ ચોરારિયાડિપ્લોમા ઇન પેડિયાટ્રીક ક્રિટિકલ કેર નર્સિંગ કોસના રાષ્ટ્રીય સંયોજક છે. તથા પેરિનાટોલોજી ફોરમ સુરતના સ્થાપક પ્રમુખ છે.

ડૉ ચોરારિયા ૧૯૯૬માં ગુજરાત રાજ્યના આઇ.એ.પી. પ્રમુખ પણ હતા, તેઓ આઇ.એમ.એ., આઇ.એ.પી સુરતના પ્રમુખ હતા. સુરતમાં મેડિકલ ક્લસલ્ટન્સ એસોસિયેશન આયોજીત અધ્યક્ષ ડૉ. ચોરારિયાએ નેશનલ સેમિફેશન ઓફ પેડિએટ્રીક ક્રિટીકલનું સફળ આયોજન પણ કર્યુ હતું.

હાલ ડૉ. ચોરારિયા પાસે તેમના નેશનલ અને ઇન્ટરનેશલ કોન્ફરન્સ અને વર્કશોપના સંખ્યાબંધ પ્રકાશનો છે. તથા જાણીતી ફેક્લ્ટીઓ પણ છે. વિવિધ પરિષદો અને કાર્યશાળાઓમાં બાળરોગના ડી.એન.બી પ્રોગ્રામ માટે પણ જાણીતા છે. ડૉ. ચોરારિયા તેમની વ્યવસાઇક અને શૈક્ષણિક સિદ્ધીઓ ઉપરાંત એક પ્રેરક વક્તા પણ છે. તેમણે સુરત અને દક્ષિણ ગુજરાતમાં શ્રેષ્ઠતા અને જીવનના વિવિધ પાસાઓ પર ઘણાં પ્રવચનો પણ આપ્યા છે.

ડૉ.નિર્મલ ચોરારિયાના ભવિષ્યનાં લક્ષયાંકોની જો વાત કરીએ તો હાલ તેમણે સુરતના વી.આઇ.પી રોડ વેસુ ખાતે ૩૫૦ બેડની આધુનિક સુવિધાઓથી સજ્જ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ખોલવા જઇ રહ્યા છે. જેનું બાંધકામ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ હોસ્પિટલ ગુજરાતની બેસ્ટ હોસ્પિટલોમાંની એક હશે. જે ૨૦૨૦થી દર્દીઓની સેવામાં અવિરતપણે કાર્યરત થશે.

વધુ જાણવા QR સ્કેન કરો



The only real failure in life is the failure to try. - Sven Goran Erikson